# ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર

આયોજિત

## કવિશ્રી ઉશનસ્ જન્મશતાબ્દી મહોત્સવ

રાજ્યકક્ષાની સંગોષ્ઠી

# પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે

શ્રી સુશ્રી...પ્રા. મીનાક્ષીબેન આર. પટેલ...એ

તા. ૨૮,૨૯ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ, શ્રી નૂતન કેળવણી મંડળ, વલસાડ સંચાલિત

શ્રીમતી જે.પી.શ્રોફ આર્ટ્સ કોલેજ, ગુજરાતી વિભાગ, વલસાડ મુકામે યોજાયેલ

'કવિશ્રી ઉશનસ્ જન્મશતાબ્દી મહોત્સવ'

રાજ્યકક્ષાની સંગોષ્ઠીમાં ઉપસ્થિત રહી, ચર્ચા અને સ્વાધ્યાયમાં સક્રિય રહ્યા હતા.

તેઓ શ્રીના પેપરનું શીર્ષક "...કવિ 'ઉશનસ્'નાં બે સૉનેટ કાવ્યો : સમીક્ષા...છે.

જી.એમ.બુટાણી
આચાર્યશ્રી
શ્રીમતી જે.પી.શ્રોફ આર્ટ્સ કોલેજ,

અજયસિંહ ચૌહાણ
મહામાત્ર,
ગુજરાત સાહિત્ય અકાદમી,

શ્રીમતી જરબાનુ ફિરોજશા શ્રોફ વિનયન મહાવિદ્યાલય

અને

ગુજરાતી સાહિત્ય અકાદમી ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે

રાષ્ટ્રીય કક્ષાની સંગોષ્ઠી

તા. ૨૮-૨૯ ફેબ્રુઆરી, ૨૦૨૦

"કવિશ્રી ઉશનસ્ જન્મશતાબ્દી મહોત્સવ" અંતર્ગત

વિષય :- "કવિ ઉશનસ્ ના બે સોનેટ કાવ્યો : સમીક્ષા"


પ્રસ્તુતકર્તા

પ્રા. મીનાક્ષીબેન આર. પટેલ

સરકારી વિનયન અને વાણિજય કોલેજ,

ખેરગામ, તા. ખેરગામ, જી. નવસારી.




Scanned with CamScanner

'ઉશનસ્' ના ઉપનામે જ વધુ જાણીતા આ કવિનું પૂરું નામ : નટવરલાલ કુબેરદાસ પંડ્યા; માતા લલિતાબહેન, પિતા કુબેરદાભાઈ પંડ્યા. 'આરણ્યક' તખલ્લુસ પણ ધારણ કરનાર કવિનો જન્મ ૨૮-૯-૧૯૨૦ ના રોજ સાવલીમાં થયો. કવિ ઉશનસ્‌નો બાલ્યકાળ સિદ્ધપુરમાં પસાર થયો. મેટ્રિક ૧૯૩૮ માં વડોદરાની મ.સ. યુનિવર્સિટીમાંથી બી.એ. ૧૯૪૨ અને એમ.એ. ૧૯૪૫ માં. તેઓ તેમની શૈક્ષણિક કારકિર્દીમાં શિક્ષકથી માંડીને પ્રાધ્યાપક-આચાર્યપદ સુધી પહોંચ્યા હતા. તે પછીનો નિવૃત્તિકાળ વલસાડમાં પૂરો કર્યો. ગીતાના શબ્દો 'કવિનામ ઉશના કવિ' પરથી એમને પોતાનું 'ઉશનસ્' નામ સૂઝ્યું.

ઉશનસ્‌ના કવિવ્યકિતત્વને ઘડવામાં વન, વતનની પ્રીતિ અને પ્રકૃતિનું તીવ્ર આકર્ષણ તથા ઠાકોર, કાલિદાસ, રવીન્દ્રનાથ, શેક્સપિયર, વર્ડ્ઝવર્થ જેવા સાહિત્યસ્વામીઓનો ફાળો ઘણો મોટો છે. ગાંધીજી, અરવિંદ, રામાયણ, મહાભારત વગેરેની પણ કવિના જીવન પર પ્રબળ અસર પડી છે. કાન્ત, પન્નાલાલ, ઉમાશંકર, સુંદરમ્ પણ એમને ગમે છે. 'ગીતાંજલિ' એમનું પ્રિય પુસ્તક છે અને ટાગોર એમના પ્રિય કવિ. કવિએ વતનમાં ૧૩-૧૪ વર્ષની ઉંમરે જ ઘરમાં અને શેરીમાં થતા પ્રેમાનંદના પાઠથી પ્રેરાઈને તેની લઢણમાં 'પ્રહલાદાખ્યાન' અને 'સુધન્વાખ્યાન' રચી કાઢેલાં.

ગુજરાતી કવિતાની સૌંદર્યાભિમુખ અંતર્મુખધારાના તેઓ મહત્વના કવિ છે. એમની કવિતામાં સંવેદનની સમૃદ્ધિ અને છલકાતો જીવનરસ માણવા મળે છે. 'પ્રસૂન', 'આર્દ્રા', 'મનોમુદ્રા', 'તૃણનો ગ્રહ', 'સ્પંદ અને છંદ', 'અશ્વત્વ', 'રૂપના લય', 'વ્યાકુલ વૈષ્ણવ', 'શિશુલોક'



Scanned with CamScanner

વગેરે તેમના કાવ્યસંગ્રહો છે. આ સર્જનફાલ એમની વિકાસશીલ કવિપ્રતિભાનું દર્શન કરાવે છે. કવિને આ સાહિત્ય સેવા માટે કુમારચંદ્રક, નર્મદ સુવર્ણચંદ્રક, રણજિતરામ સુવર્ણચંદ્રક, ભારતીય સાહિત્ય અકાદમી એવોર્ડ તથા ગુજરાત રાજયનાં જુદા જુદા ઈનામો પ્રાપ્ત થયા છે. ઉશનસ્ મુખ્યત્વે પ્રણય અને પ્રકૃતિના કવિ છે, પરંતુ એમની ચેતના જીવનરસથી છલકાય છે. તેઓ અધ્યાત્મ, ભકિત, રાષ્ટ્રપ્રેમ, માનવનીતિ એમ વિવિધ વિષયો પ્રત્યે પણ આકર્ષાયા છે.

તેમણે કવિતા ઉપરાંત ગદ્યમાં સ્મરણકથા, નાટક, લઘુનવલ, હાસ્યનિબંધ, વિવેચન તેમજ અનુવાદ, સંપાદન વગેરેનાં કાર્યો પણ કર્યા છે. 'સદ્દમાતાનો ખાંચો' તેમની સંસ્મરણકથા છે. ગુજરાતી સોનેટ પ્રકારમાં વિપુલતા તેમજ ગુણવત્તની દૃષ્ટિએ તેમનું પ્રદાન મહત્ત્વનું છે. સોનેટ એમનું પ્રિય અને સિદ્ધિ કાવ્યસ્વરૂપ છે. ગુજરાતી સાહિત્યના પ્રમુખ સોનેટકારોમાં તેઓ એક છે. કવિતામાં એમની મથામણ 'સ્વ' ને સ્થાપવાની છે.

ઉશનસ્‌ના ડઝનેક કાવ્યસંગ્રહો પ્રથમ નજરે જ બતાવી આપે છે કે તેમની કવિતામાં વિષયનું વૈપુલ્ય અને નિરૂપણરીતિનું વૈવિધ્ય છે. ઉશનસ્‌ની કવિતાનું પ્રધાન લક્ષણ કલ્પનાનો વૈભવ છે. વાસ્તવમાંથી અગોચર ભાવપ્રદેશ સુધી પહોંચતાં તેમની દૃષ્ટિમાં અનેક અવનવા કલ્પનો ઊઘડીને ભાષામાં ગોઠવાતાં જાય છે.

કવિની સર્જકતાનો સર્વતોમુખી ઉન્મેષ એટલે 'અનહદની સરહદે' નો સોનેટગુચ્છ. આ ગુચ્છમાંના બે સોનેટો તપાસવાનો ઉપક્રમ છે.

(૧) અનામી આશ્ચર્યોમાં



Scanned with CamScanner

ડાંગવનની પ્રથમ યાત્રા કરતાં કવિને આ સોનેટમાળા સ્ફૂરેલી. એ ડાંગવનની સૌંદર્યયાત્રાનો એક વિશિષ્ટ આલેખ છે. શિખારેણી છંદમાં રચાયેલું 'અનહદની સરહદે' સોનેટમાળાનું પહેલું સોનેટ

અમારી યાત્રા આ પ્રવેશતી હવે નામવિણનાં
નર્યા આશ્ચર્યોમાં, પરિચય વિનાની પૃથિવીમાં

(ઉશનસ્‌ના કાવ્યો : પૃ. ૫૩)

કુતૂહલ પણ થાકી હારી જાય એવાં અનામી આશ્ચર્યોનો આ પ્રદેશ છે. કવિ ડાંગના વનને પરમ આશ્ચર્ય રૂપે જુએ છે. માનવવસ્તીની કૃત્રિમ રચનાઓમાંથી છૂટીને આવેલા આ કવિને હવે કુદરતી આશ્ચર્યકારક રચનાઓ નજરે ચડે છે. વનમાં અપાર વૈવિધ્ય જોવા મળે છે. આ બધા વૈવિધ્યને આવરી લે એવી વાણીએ પોતાની પાસે નહીં હોવાનું કવિને ભાન થાય છે. કવિ એ રીતે આશ્ચર્યમૂક બને છે. તેઓ વન્ય જીવનમાં મૂક સંસ્કૃતિનું દર્શન કરે છે. પોતે પણ મૂળ તો આ વન્ય જીવનના જ, પરંતુ હવે પોતે વનથી બહિષ્કૃત થઈ ગયાની વેદનાનું ભાન થાય છે. એ પછી વન્ય જીવન સાથે, વન્ય સંસ્કૃતિ સાથે એમની અસલી વન્ય ચેતનાનો તાર સંધાતાં તેઓ પોતાના નગરનું નામ ભૂલી જતા હોવાનું અનુભવે છે. આમ, વનને જોતાં તેઓ પાછા પોતાની મૂળભૂત વન્યતાની અસલી અવસ્થામાં તાદાત્મ્યભાવે મુકાય છે. આમ ઉપરોક્ત સોનેટ કાવ્ય કવિની વનપ્રીતિનું પોતાની મૂળભૂત વન્ય અવસ્થાની પ્રતીતિ કરાવતું નોંધપાત્રં સર્જન ગણાયું છે.

(૨) "અશ્વત્થભાવ"



Scanned with CamScanner

ઉપરોક્ત કાવ્ય 'અનહદની સરહદે' સોનેટમાળખું ચોથું કાવ્ય છે. આ કાવ્યમાં કવિની કલ્પનાશક્તિનો વિશિષ્ટ સંચાર જોઈ શકાય છે. કવિને ડાંગવનમાંના દર્શન-ભ્રમણે પોતાનામાં પણ વૃક્ષમયતા પ્રવેશ્યાની વિલક્ષણ અનુભૂતિ થાય છે.

અહો આ આશ્ચર્યે મુજથી ગયું કોઈ બીજ મરી !
કુંવારી ભૂમિમાં ગહન પડ નીચે જઈ કર્યું.

(ઉશનસના કાવ્યો : પૃ.૫૬)

પોતાનામાંથી કોઈ એવું બીજ કુંવારી ભૂમિમાં પડે છે, જે માટીમાં ઊંડે ઊતરી, જામી, ફૂટી રોમાંચોમાં તતડી ઊઠતું લાગે છે. પોતે અશ્વત્થમયતાનો ભાવ અનુભવે છે. પોતાના પગમાંથી મૂળિયાં ફૂટી ધરતીમાં સોંસરાં ઊતરે છે. પોતે ત્યારે ગલીપચી જેવો, જીવનરસનો અનોખો તરવરાટ અનુભવે છે. પોતાના અંગોપાંગો માંથી જાણે ભૂરાં આકાશોની જટિલ ડાળીઓ ફૂટે છે. પંખીઓના કલરવથી તે તરબતર થતી અને તારારૂપી મધુમક્ષિકાઓના બણબણાટથી જ્યોતિર્મય મધપૂડાઓથી અવકાશમાં ઝૂમતી વરતાય છે. પોતે જાણે સનાતન કાળથી જેના મૂળ ઊર્ધ્વમાં અને શાખાઓ નીચે હોય એવા અશ્વત્થ સાથે તાદાત્મ્યભાવ અનુભવતાં પોતાનું હું પણું ભૂલી જાય છે. પોતાનું સમગ્ર અસ્તિત્વ પોતાનું સંવેદનવિશ્વ કેવળ અશ્વત્થભાવથી ભર્યું ભર્યું ને ઊભરાતું કવિ અનુભવે છે. આ કાવ્યમાં કવિની પ્રાકૃતિક પરિવેશમાંથી અધ્યાત્મિક પરિવેશમાં થતી સંક્રાંતિનું કલ્પનોથી મૂર્ત થતું ભાવચિત્ર કંઈક સંકુલતાને સૂક્ષ્મતા સાથે રસાત્મક રીતે અહીં પ્રત્યક્ષ થયેલું પામી શકાય છે.



Scanned with CamScanner

ઉપરોક્ત બંને સોનેટો સંસ્કૃતિ પર પ્રકૃતિનો વિજય દર્શાવે છે. વર્તમાનના સીમિત સંદર્ભમાંથી મુક્ત થઈને અનાદિકાળ સાથે સંબંધ જોડાય છે.

આમ ઉશનસ્ સૌંદર્યાનુભવના પૌંતીકા માર્ગે ચાલે છે અને પોતાની રીતે વિકાસશીલ રહીને સ્વાતંત્ર્યોત્તર કવિઓમાં વિશિષ્ટ સ્થાન જાળવી લે છે ને એક મોખરાના કવિ બની જાય છે.

## સંદર્ભ સૂચિ


૧. સર્જકશ્રી ઉશનસ્ - પ્રસાદ બ્રહ્મભટ્ટ - પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ

૨. સૌંદર્યદર્શી કવિઓ - દક્ષા વ્યાસ - આદર્શ પ્રકાશન, અમદાવાદ

૩. પ્રશિષ્ટ ગુજરાતી કાવ્યઝલક - ખંડ-૨ - ગુચ્છ-૨, સંપાદન – ચંદ્રકાંત ટોપીવાલા

૪. ઉશનસ્‌ના કાવ્યો - સં. મફત ઓઝા, આદર્શ પ્રકાશન, અમદાવાદ

૫. અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા - ધીરુભાઈ ઠાકર, ગુર્જર ગ્રંથરત્ન, અમદાવાદ




Scanned with CamScanner